અસલમાં પરત કરવું

**NON TRANSFERABLE**

# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી

બીજો માળ, એડમીશન બીલ્ડીંગ, એલ.ડી. એન્જિ. કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ.

## શોર્ટ ટેન્ડર નંબર -૧૨/૧૨-૧૩

પ્રતિ,

__________________________

__________________________

__________________________

__________________________

ટેન્ડરનું નામ : સ્પોર્ટસ કીટ અંગેનું ટેન્ડર

ટેન્ડર ફી રૂા. ૧,૦૦૦/-

શોર્ટ ટેન્ડર નંબર :

પહોંચ નંબર :

તારીખ :

### ટેન્ડરની શરતો

(૧) ટેન્ડર સીલબંધ કવરમાં કવર ઉપર "સ્પોર્ટસ કીટ અંગેનું ટેન્ડર" પ્રતિ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, બીજો માળ, એડમીશન કમીટી બીલ્ડીંગ, એલ.ડી. એન્જિનીયરીંગ કોલેજ કેમ્પસ, અમદાવાદ એમ લખી સીલબંધ કવર **રૂબરૂ** મોડામાં મોડા તા. ૨૧/૧૨/૨૦૧૨ ના રોજ કચેરી સમય દરમ્યાન મળી જાય તે રીતે મોકલવાનું રહેશે. ટપાલ કે કુરીયર દ્વારા સ્વીકારવામાં આવશે નહી.

(૨) ટેન્ડર સાથે EMD પેટે રૂા. ૧૨,૦૦૦/- (અંકે રૂપિયા બાર હજાર પુરા) નો ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદના નામ જોગ ડિમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે.

(૩) મળેલ ટેન્ડરના સીલબંધ કવર તા. ૨૪-૧૨-૨૦૧૨ ના રોજ બપોરે ૦૨-૦૦ કલાકે અત્રેની કચેરી ખાતે ખોલવામાં આવશે. જે એજન્સી / ઠેકેદારનું ટેન્ડર ના મંજૂર રહેશે તેની EMD પરત કરવામાં આવશે.

(૪) ટેન્ડરમાં ભાવ યુનિવર્સિટીએ નિયત કરેલ પત્રકમાં માગેલ સાઈઝ, પ્રકાર અને બ્રાન્ડમાં જ દર્શાવવાના રહેશે. નિયત કરેલ પત્રકમાં ભાવ દર્શાવેલ નહિ હોય તો ટેન્ડર સ્વીકારમાં આવશે નહી.

(૫) કોઈપણ ટેન્ડર સ્વીકારવું કે અસ્વીકાર કરવો કે અંશતઃ સ્વીકારવું તે બાબતો સંપૂર્ણ અબાધિત અધિકાર યુનિવર્સિટીનો રહેશે.

(૬) ટેન્ડરમાં ભાવ તમામ પ્રકારના વેરા, VAT, ઓકટ્રોય કે ટ્રાન્સપોર્ટ ચાર્જ, પેકિંગ ચાર્જ કે અન્ય કોઈપણ ખર્ચ યુનિવર્સિટી ખાતેની કચેરીએ રૂબરૂ પહોંચાડવા સહિતના રહેશે. એટલે કે દર્શાવેલ ભાવ ઉપરાંત અલગ કોઈ પણ ચાર્જ આપવામાં આવશે નહિં.

(૭) જેમનું ભાવપત્રક મંજૂર થાય તેમણે સને ૨૦૧૨-૧૩ માટે ઓર્ડર થયાથી એક વર્ષ સુધી અથવા યુનિવર્સિટી નક્કી કરે ત્યાં સુધી જરૂરીયાત પ્રમાણે માલ આપવાનો રહેશે.

(૮) યુનિવર્સિટી તરફથી ઓર્ડર મળ્યે **દિન ૦૨** માં અગર યુનિવર્સિટીની આકસ્મીક જરૂરીયાતના સંજોગોમાં સપ્લાય ઓર્ડર મુજબ તાત્કાલીક માલ યુનિવર્સિટીની કચેરી ખાતે એક જ જથ્થામાં તમારા ખર્ચે રૂબરૂ પહોંચતો કરવાનો રહેશે. તૂટક તૂટક મોકલવામાં આવેલ માલ કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિં તેમજ ઓર્ડર પ્રમાણે સંપૂર્ણ માલ મળ્યા બાદ જ બિલનું ચૂકવણું કરવામાં આવશે.

(૯) જેમનું ટેન્ડર મંજૂર કરવામાં આવશે તેમને યુનિવર્સિટીની કચેરીએ મંજૂર કરેલ નમૂના પ્રમાણેજ માલ ઓર્ડરમાં દર્શાવેલ જરૂરી જથ્થો સમય મર્યાદામાં પૂરો પાડવાનો રહેશે. નમુનાથી સહેજ પણ જુદો પડતો કે અપૂરતો માલ સ્વીકારવામાં આવશે નહી અને બિલના નાણાનું ચૂકવણુ કરવામાં આવશે નહી. આ બાબતે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિં. તેમજ માલ નહિ સ્વીકારવાને કારણે તેમજ સમય મર્યાદામાં માલ નહિં મળવાને કારણે સદરહુ માલ અન્ય પાર્ટી પાસેથી મેળવવા માટે વધારાનું જે ખર્ચ થશે તે તમામ ખર્ચ પણ ઈજારદાર પાસેથી વસુલ કરવામાં આવશે.

(૧૦) અધૂરા/અસ્પષ્ટ/શરતી કે નિયત સમય મર્યાદા બાદ આવેલા ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહીં કે તે અંગેના કારણો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૧૧) ઓડિટ સમયે એમ માલૂમ પડશે કે નિયત રકમથી વધુ રકમનું ચુકવણું થયેલ છે તો તેવા સંજોગોમાં ઓડિટની શરતોને આધિન રહીને તેવી રકમ પરત કરવાની રહેશે.

(પાછળ)

## શોર્ટ ટેન્ડર નંબર - ૧૨/૧૨-૧૩

(૧૨) માલનું બિલ બે નકલમાં ઓર્ડર ફોર્મની કોપી અને એડવાન્સ રીસીપ્ટ સાથે રજિસ્ટ્રારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદના નામજોગ મોકલવાનુ રહેશે.

(૧૩) ભાવપત્રક સાથે જે તે આઈટમના નિયત નમૂના ફરજિયાત મોકલવાના રહેશે. નમૂના વગરનું ભાવપત્રક કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી અને દફતરે કરવામાં આવશે. ભાવપત્રક, શરતો તથા નમૂના ઉપર સંબંધીત પાર્ટીના સહી સિક્કા અચૂક કરવાના રહેશે. નમૂનાની આઈટમ્સમાં ટ્રેકસુટ અને ટી શર્ટ XL સાઈઝ અને શોર્ટની સાઈઝ ૪૨" ની રહેશે.

(૧૪) ઉપરોક્ત શરતો સિવાય યુનિવર્સિટીની વખતોવખત જે કાંઈ શરતો રહેશે તે સ્વીકારવાની રહેશે.

(૧૫) ટેન્ડર સાથે જરૂરી લાઈસન્સ, સેલ્સટેક્ષ/VAT, નંબર તથા ઈન્કમ ટેક્ષ નંબર (PAN) તથા અનુભવની વિગતો ના જરૂરી પ્રમાણપત્ર વગેરે માહિતી ટેન્ડરમાં રજૂ કરવાની રહેશે. (નકલો સાથે)

(૧૬) જેમનું ભાવપત્રક મંજૂર થશે તેઓએ સિક્યોરીટી ડિપોઝીટ તરીકે રૂા. ૨૦,૦૦૦/- (રૂા. વીસ હજાર પૂરા) અથવા વાર્ષિક ટેન્ડર વેલ્યુના ૫% બેમાંથી જે વધુ હોય તેટલાનો ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદના નામ જોગ ડિમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે. સિક્યોરીટી ડિપોઝીટની રકમ જમા નહિં કરનારનું ટેન્ડર રદ થવાને પાત્ર બનશે, અને તેની EMD જપ્ત કરવામાં આવશે. સિક્યોરીટી ડિપોઝીટ જમા કરાવ્યા બાદ EMD ની રકમ પરત કરવામાં આવશે. જો એકથી વધુ ઠેકેદારને ઓર્ડર જશે તો, સિક્યોરીટી ડિપોઝીટ વાર્ષિક ઓર્ડરની અંદાજિત કિંમતના પ્રમાણમાં દરેક ઠેકેદાર વચ્ચે વહેંચવામાં આવશે.

(૧૭) ટેન્ડરની મુદત દરમ્યાન કોઈપણ પ્રકારનો ભાવવધારો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૧૮) ટેન્ડરની મુદત દરમ્યાન મંજૂર કરેલ નમૂના મુજબ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ ઓર્ડરનો માલ પૂરો પાડવાનો રહેશે. અને આમ કરવામાં કસૂર/ચૂક થશે તો, કોઈપણ સમયે યુનિવર્સિટી દ્વારા ટેન્ડર રદ કરવામાં આવશે અને સિક્યોરીટી ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. ઉપરાંત યુનિવર્સિટી દ્વારા મૂળ ઈજારદારના ખર્ચે અને જોખમે (At Risk & Cost) ખરીદી કરવામાં આવશે અને આવી રીતે વધારે ચૂકવેલ નાણાં મૂળ એજન્સી / ઠેકેદાર દ્વારા ભરપાઈ કરી આપવાનાં રહેશે.

(૧૯) રમત-ગમતના બદલાતા કાર્યક્રમોની તાકીદની બાબતો ધ્યાનમાં રાખીને યુનિવર્સિટીને યોગ્ય જણાશે તો ટેન્ડરમાં મંજૂર થયેલા ભાવોએ અન્ય એજન્સી / ઠેકેદાર સાથે યુનિવર્સિટી સમાંતર ભાવ કરાર કરી શકશે. તથા આ બાબતે યુનિવર્સિટીનો નિર્ણય આખરી રહેશે.

(૨૦) યુનિવર્સિટી ને યોગ્ય જણાશે તો ઉભયપક્ષે સમજૂતીથી ટેન્ડરની મુદતમાં વધારો કરી શકાશે.

(૨૧) કોઈપણ વિવાદ અંગે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.

(૨૨) ભાવપત્રક / ટેન્ડર ભરતાં પહેલા ટેન્ડરની શરતો અને બોલીઓ વાંચી લેવી તે સાચી રીતે બરાબર સમજ્યા બદલની દરેક પાને ટેન્ડર ભરનાર એજન્સી / ઠેકેદારે સહી કરવાની રહેશે.

(૨૩) ભાવો ૧૨(બાર) માસ કે તેથી વધુ સમય માટે મંજૂર કરેલ હોઈ માલ સામાન માટે જરૂરત પડે ત્યારે જ તે પ્રમાણે સપ્લાય ઓર્ડર મુકવામાં આવશે.

(૨૪) નમૂનાની ગુણવત્તા અને કિંમત (ભાવ) બંનેને ધ્યાનમાં લઈ, ટેન્ડર મંજૂરી બાબતનો અંતિમ નિર્ણય કમિટિનો અબાધિત રહેશે. આખી કિટ અથવા અલગ-અલગ આઈટમના ઓર્ડર સમિતિની ભલામણથી આપવામાં આવશે. સમાન ગુણવત્તાવાળા નમૂનામાં ઓછા ભાવને પસંદગી આપવામાં આવશે. દરેક પાર્ટીએ રૂા. ૧૭૫૦/-, રૂા. ૧૫૦૦/-, રૂા. ૧૨૫૦/- ની મહત્તમ મર્યાદામાં ઉચ્ચતમ ગુણવત્તાવાળી આખી કીટ (નં. ૩)ના અલગ-અલગ નમૂના આ યુનિવર્સિટી ખાતે જમા કરાવવાના રહેશે. આ ત્રણ કિટમાંથી યુનિવર્સિટીની કમિટિ દ્વારા પસંદ કરાયેલી કોઈપણ એક જ કિટનો ઓર્ડર આપવામાં આવશે.

(૨૫) ટેન્ડર મંજૂર થયે, રૂા. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર એક વર્ષ માટેનો કોન્ટ્રાક્ટ કરવાનો રહેશે.

(૨૬) ટેન્ડરની શરતો કે અન્ય કોઈ બાબતે અર્થઘટન કરવા અંગે કોઈ વાંધા અંગેનો નિર્ણય લેવા કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણવામાં આવશે.

સ્થળ : અમદાવાદ

તારીખ :

**કુલસચિવ**

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી
બીજો માળ, એડમીશન બીલ્ડીંગ, એલ.ડી. એન્જિ. કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ.

# શોર્ટ ટેન્ડર નંબર - ૧૨/૧૨-૧૩

## ટેન્ડરનું નામ : સ્પોર્ટસ કીટ અંગેનું ટેન્ડર

## ટેન્ડર ભરનારની વિગત

(૧) ટેન્ડર ભરનારનું નામ :

(૨) સરનામું : (૧) કચેરીનું :

(૨) રહેઠાણનું :

(૩) ટેલિફોન નંબર : (અ) કચેરીનો : (બ) રહેઠાણનો :

(૪) સેલ્સ ટેક્ષ નંબર :

VAT નંબર :

(૫) ઈન્કમટેક્ષ (PAN) નંબર :

(૬) EMD ની વિગત : રકમ રૂા. :

ડી.ડી. નંબર :

તારીખ :

બેંકનું નામ :

(૭) કઈ કઈ સરકારી કે અર્ધસરકારી કચેરી/યુનિવર્સિટી/બોર્ડમાં માલ સપ્લાય કરવામાં આવેલ છે તેનું નામ અને સરનામું (પ્રમાણપત્ર સામેલ કરવા) (અનુભવની વિગતો) :

# ગુજરાત ટૅકનોલોજીકલ યુનિવર્સિટી

બીજો માળ, એડમીશન બીલ્ડીંગ, એલ.ડી. એન્જિ. કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ.

## શોર્ટ ટેન્ડર નંબર - ૧૨/૧૨-૧૩

### ભાવ પત્રક
### સ્પોર્ટસ કીટ આઈટમ

| ક્રમ | આઈટમ | સાઈઝ | વિગત | વજન (GSM) | અદાજીત જથ્થો | ભાવ (પ્રતિ નંગ) | કુલ ભાવ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | કીટ બેગ | યુનિ.ના | જી.ટી.યુ. લૉગો સાથે | – | ૩૭૫ | | |
| ૨. | ટ્રેક સુટ | ઓર્ડર | જી.ટી.યુ. લૉગો અને નંબર સાથે | | ૩૭૫ | | |
| ૩. | ટી-શર્ટ | મુજબ | જી.ટી.યુ. લૉગો અને નંબર સાથે | | ૩૭૫ | | |
| ૪. | શોર્ટ | સાઇઝ | - | | ૩૭૫ | | |
| ૫. | શૂઝ | આપવાની | Sports Jogger | – | ૩૭૫ | | |
| ૬. | મોજા | રહેશે. | Cotton | – | ૩૭૫ | | |

**કુલ ટેન્ડર કિંમત : રૂા. ...................... ( શબ્દોમાં અંકે રૂપિયા ........................................................................ પુરા.)**

**આઈટમ નં. ૨, ૩, અને ૪ ના કાપડનો પ્રકાર સુપર પોલી હની કોમ્બ અથવા તેના જેવું રહેશે. ઉરોક્ત તમામ આઈટમમાં પ્રિન્ટીંગની વિગત યુનિવર્સિટી દ્વારા આપવામાં આવે તે પ્રમાણે છાપવાની રહેશે.**

દરેક સાઇઝના માપ સ્ટાન્ડર્ડ મેઝરમેન્ટ પ્રમાણે આપવાના રહેશે. દરેક આઇટમના એક-એક નમૂના યુનિવર્સિટીમાં નીચે દર્શાવ્યા અનુસાર માપના જમા કરાવવાના રહેશે.

ટ્રેક સુટ, ટી-શર્ટ અને શોર્ટ : ૩૪", ૩૬", ૩૮", ૪૦", ૪૨" અને ૪૪"

શૂઝ : નં. ૫ થી ૧૨

કીટ બેગ અને મોજા

**બાંહેધરી**

ઉપરોક્ત ભાવો તમામ પ્રકારના કરવેરા, કાર્ટિંગ, મજૂરી સહીતના યુનિવર્સિટી સુધી પહોંચતા કરવા સુધીના છે. અર્થાત ટેન્ડરમાં દર્શાવેલ ભાવ સિવાયનો અન્ય કોઈ પણ પ્રકારનો ખર્ચ મળવાપાત્ર થશે નહિં. આમ, ભાવપત્રકની તમામ શરતો મેં વાંચી છે, સમજ્યો છું અને તે કબુલ મંજૂર તથા બંધનકર્તા છે. ઉપરાંત સદર ભાવે હું ટેન્ડર મંજૂર થયેથી ૧ વર્ષ માટે અથવા ટેન્ડરની મુદતમાં વધારો થાય તો, ત્યાં સુધી માલ આપવા બંધાઉ છું.

**સ્થળ :**

**તારીખ :**

**ભાવ ભરનાર પાર્ટીનું નામ અને વાચ્ય સહી**
**(રબ્બર સ્ટેમ્પ સાથે)**